
શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીનું મુખપત્ર




# પરજિયા સોની સંદેશ

સર્વેનું... સુવર્ણ ગૌરવ

E-mail : sonisandesh1@gmail.com

www.parajiyasoni.in • digipin 4FK-29J-JFM9

વર્ષ : ૩૬ • અંક : ૯-૧૦ • પાના : ૩૨ તંત્રી : ભરત કે. સતિકુંવર સપ્ટેમ્બર-ઑક્ટોબર-૨૦૨૫ મૂલ્ય : રૂા. ૧૨/-




## સર્વે જ્ઞાતિજનોને
## દિપાવલી તથા નૂતનવર્ષાભિનંદન...

॥ જય શ્રી રાંદલ મા ॥

**સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા અને તેમના ધર્મપત્ની**
**સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા (નાંદુરી)ના પુણ્ય સ્મરણાર્થે**




સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાચા




સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાચા

**'સોની સંદેશ' નિભાવ ફંડના મુખ્ય દાતા**






સ્વ. ગોરધનદાસ ઓધવજીભાઈ વાચા



સ્વ. મગનભાઈ ઓધવજીભાઈ વાચા



।। શ્રી ગણેશાય નમઃ।।
જય શ્રી સ્વામીનારાયણ
Happy Diwali &
Happy New Year
MAHESH A. DHAKAN
+91 97698 37715
SDC
DIPESH M. DHAKAN
+91 98330 03585
SHREEJI DIE CUTTING
• CHAINS • BANGLES • EMBOSSE • FLAT • JAALI
"Always a trend setter"
Shop No. 9/B wing, Om Divya Apartment, Next To Cinemax,
Trikamdas Road, Kandivali (W), Mumbai - 400 067.
Email : shreejidiescutting11@gmail.com





શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી – સોનીવાડી બોરીવલી સ્થિત શ્રી વાઘેશ્વરી માતાજીના મંદિરમાં આસો નવરાત્રી અષ્ટમી હવન યોજાયો. આ પ્રસંગે મોટી સંખ્યામાં જ્ઞાતિજનોએ દર્શનનો લાભ લીધો હતો અને માતાજીના આર્શીવાદ પણ લીધા હતા.





શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી પ્રેરિત 'નારી તું નારાયણી' સુવર્ણ મહિલા સંગઠન દ્વારા સોનીવાડીને આંગણે નવલા નોરતાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. સમાજની માતા, બહેનો અને દીકરીઓએ ભાતીગળ, પ્રાચિન અને આધુનિક ગરબાના તાલે માતાજીની આરાધના કરી હતી તે સાથે જ કન્યાપૂજન કરવામાં આવ્યું જેમાં ૧૦૯ દીકરીઓએ ભાગ લીધો હતો. શ્રીમતી નીલાબેન સોની અને સંગઠનના બહેનોએ મહેનત સાથે નવરાત્રીના ઉત્સવને સફળ બનાવ્યો હતો.






શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટીની 'વાર્ષિક સામાન્ય સભા' રવિવાર, તા. ૨૮–૦૯–૨૦૨૫ના રોજ પ્રમુખ શ્રી ચેતનભાઈ રમેશભાઈ ઝવેરીના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં આજીવન સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થા દ્વારા અનેક યોજના કાર્યરત છે તે બાબત અને પરજીયા સોની સંદેશને ડિઝીટલ સ્વરૂપે રજૂ કરવાના સૂચન અને વિચાર મૂક્યા હતા.

## પ્રમુખ સ્થાનેથી....

# દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ



વ્હાલા જ્ઞાતિજનો,

પ્રકાશ અને આનંદના પાવન તહેવાર દિવાળી તથા નૂતન વર્ષના પાવન પ્રસંગે હું આપ સૌને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આ પર્વ આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ, અવિશ્વાસમાંથી વિશ્વાસ તરફ અને વિખુટા મનથી એકતા તરફ આગળ વધવાની પ્રેરણા આપે છે. નવું વર્ષ સૌના જીવનમાં સુખ-શાંતિ, આરોગ્ય, સમૃદ્ધિ અને વિકાસના નવા અવસર લઈને આવે, એ માટે દિલથી શુભકામના કરું છું. સમાજના દરેક સભ્ય એકબીજા સાથે મળીને પ્રગતિ અને પરસ્પર સહકારના માર્ગે આગળ વધે અને આપણી આગામી પેઢી માટે સુવર્ણ ભવિષ્યનું નિર્માણ થાય – એ જ દિવાળીના દિવ્ય પ્રકાશમાં આપણી સંકલ્પના હોવી જોઈએ.

ચાલો, આપણે સૌ મળીને સંકલ્પ કરીએ કે નવા વર્ષે પરસ્પર સ્નેહ અને સહકારથી સમાજને વધુ મજબૂત અને પ્રગતિશીલ બનાવીએ.... "નૂતન વર્ષાભિનંદન"

**– પ્રમુખ શ્રી ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી**

# વેવિશાળ પ્રસંગે હાર્દિક શુભેચ્છા



શ્રી હિરેનભાઈ મગનલાલ વાચા અને
શ્રીમતી હંસાબેન વાચાના સુપુત્ર

**ચિ. પૂજન**

ના વેવિશાળ

**ચિ. શ્રેના**

શ્રી ભરતભાઈ રામજીભાઈ પટેલ અને
શ્રીમતી હેમાલીબેન પટેલની સુપુત્રી
તા. ૦૩–૦૮–૨૦૨૫ના રોજ

નૈપોષા ગાર્ડન લિમુરૂ, નાઈરોબી ખાતે ખૂબજ આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં સપન્ન થયો. આ પ્રસંગમાં બંને પક્ષના કુટુંબીજનો, સગા-સ્નેહીઓ અને હિતેચ્છુ અને વડિલોએ હાજરી આપી શોભામાં અભિવૃદ્ધિ કરી નવયુગલને શુભેચ્છાઓ અને આશીર્વાદ આપ્યા હતા.

શ્રી મુંબઈ ઉપનગર
પરજિયા સહકારી સોસાયટી
(બોરીવલી)નું મુખપત્ર

**પરજિયા**
**સોની સંદેશ**

<u>તંત્રી</u> :
**ભરત કે. સતિકુંવર**

❖

**<u>પ્રકાશન સ્થળ</u>**
**પરજિયા સોની સંદેશ**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૪૦૦ ૦૯૨.

❖

**<u>મુખપત્રના માલિક</u>**
**શ્રી મુંબઈ ઉપનગર**
**પરજિયા સહકારી સોસાયટી**
શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.
ફોન : **022-2898 3905**
**022-2899 9097**
ફોન : **+91-93244 35547**
**Email: sonisandesh1@gmail.com**

❖

**મૂલ્ય : રૂા. ૧૨.૦૦**

❖

**<u>મુદ્રણ સ્થાન</u>**
**જીજ્ઞેશ પ્રિન્ટર્સ**
૧, રોહન રેસીડેન્સી, બાભઈ નાકા,
લોટસ હોસ્પિટલ સામે,
બોરીવલી (વે), મુંબઈ-૯૨.


**<u>આજીવન લવાજમના દરો :</u>**

**ભારતમાં : રૂા. ૫૦૦/-**

**વિદેશમાં : રૂા. ૩૫૦૦/-**

લવાજમ તેમજ જાહેરાતના ચેક **'શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી'** (Shree Mumbai Upnagar Parajiya Sahakari Society) ના નામે મોકલવા.

## આ અંકમાં વાંચશો...




- પ્રમુખ સ્થાનેથી
- તંત્રી સ્થાનેથી....
- સંબંધોમાં મંદી
- દિવાળી અને નૂતન વર્ષનું મહત્ત્વ
- પરજવંશનો ચળકતો બુરજ...
- વાલીઓ, બાળકો અને યુવાનો માટે સંદેશ
- ૩૬મો તેજસ્વીતા સન્માન સમારોહની તસ્વીરી ઝલક
- પટ્ટણી વર્લ્ડ
- કૃતજ્ઞતા
- કવિતા – યાદ આવતી રહે છે
- ભેટની યાદી
- શ્રદ્ધાંજલિ




## પ્રતિજ્ઞા

સમાજનો દરેક માણસ સુશિક્ષિત, સંસ્કારી અને સુશીલ હોય,
સમાજનો દરેક માણસ સ્વાવલંબી અને સધ્ધર હોય,
સમાજનો દરેક માણસ એકબીજાને મદદ કરવા તત્પર હોય,
સમાજનો દરેક માણસ સુંદર વિચારોથી સમૃદ્ધ હોય,
એવા સમાજનું નિર્માણ કરવા અમો પ્રતિબધ્ધ છીએ.

– પરજિયા સોની સંદેશ

'સોની સંદેશ'માં પ્રગટ થતી કૃતિઓ વ્યક્ત થતાં મંતવ્યો કર્તાના પોતાના છે અને અંકમાં પ્રકાશિત થતી કોઈપણ માહિતી-લેખ સાથે પ્રકાશક, તંત્રી તથા સહતંત્રી સહમત છે તેમ માનવું નહીં.

# સોની વાડીના મુખ્ય દાતાશ્રીઓ

★ એજ્યુકેશન ફંડ ★

શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)

★ ગુણવંત વિદ્યાર્થી વાર્ષિક ફંડ (હાયર એજ્યુ.) ★

શ્રી બાબુભાઈ શામળાદાસભાઈ ધાણક (સાવલી) મુંબઈ
શ્રી ભૂપેશભાઈ હરગોવિંદભાઈ (બાબુભાઈ) ધકાણ (જામકા–દુબઈ)

★ આર્થિક સહાય ★

સ્વ. રતિભાઈ કરશનદાસ ધકાણ (સરસઈ), દુબઈ

★ કાયમી દાતા ★

શ્રી અનિલભાઈ વ્રજલાલભાઈ ધાણક (બગસરા)

★ સમૂહ લગ્ન ★

સ્વ. બાબુભાઈ લક્ષ્મણભાઈ ચોક્સી (જેતપુર), બેહરીન

★ વિકલાંગ સહાય ફંડ ★

સ્વ. મગનભાઈ લાખાભાઈ ધોરડા (બગસરા), મુંબઈ

★ નેત્રબિંદુ સહાય ફંડ ★

સ્વ. મગનલાલ કાનજીભાઈ જીણાદ્રા (રાજુલા), મુંબઈ

★ મેડીકલ સહાય ફંડ ★

સ્વ. માધવજીભાઈ પ્રભુદાસભાઈ ધકાણ (ગઢડા), મુંબઈ
સ્વ. શાંતાબેન માધવજીભાઈ ધકાણ પરિવાર

★ સોની સંદેશ નિભાવ ફંડ ★

સ્વ. ઓધવજીભાઈ જેઠાભાઈ વાયા (નાંદુરી), નૈરોબી
સ્વ. જશોદાબેન ઓધવજીભાઈ વાયા

★ સોની સંદેશ નિભાવ ફંડ સહયોગી દાતા ★

સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ (જામકા), દુબઈ
સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

★ આકસ્મીક સહાય ફંડ ★

સ્વ. રતીલાલ દેવરાજભાઈ થડેશ્વર (મોટા દેવળીયા)
ગં. સ્વ. ભાનુબેન રતીલાલ થડેશ્વર

*તંત્રી સ્થાનેથી....✍*



# નૂતન વર્ષ આપના જીવનમાં આરોગ્ય, આનંદ અને અખૂટ સમૃદ્ધિ લઈને આવે તેવી શુભકાનાઓ...

દિવાળી આપણા જીવનમાં પ્રકાશ, આનંદ અન સકારાત્મક ઊર્જા લઈને આવે છે. અંધકાર પર પ્રકાશનો અને અસત્ય પર સત્યનો વિજય દર્શાવતો આ તહેવાર માત્ર દીવડાઓથી જ નહીં, પરંતુ સૌહાર્દ અને સંસ્કૃતિના પ્રકાશથી પણ આપણું જીવન ઉજ્જવળ કરે છે.

દિવાળીના પાવન પ્રસંગે આપણે ઘરને દીપોથી શણગારીએ છીએ, પરંતુ સાચો આનંદ ત્યારે મળે છે જ્યારે આપણે દિલને પણ સદ્‌ભાવના, માફી અને પ્રેમના દીવા વડે પ્રકાશિત કરીએ. આ તહેવાર આપણને એકબીજા સાથે જોડાવા, ભૂલો ભૂલવા અને નવા સંબંધો ગાઢ બનાવવા પ્રેરણા આપે છે.

દિવાળીના તરત પછી નવા વર્ષની શરૂઆત નવા સપના, નવી આશાઓ અને નવા ઉત્સાહ સાથે જીવનને નવી દિશા આપે છે. નવું વર્ષ એ સંકલ્પોનો તહેવાર છે – જ્યાં આપણે જૂના અંધકારને પાછળ મૂકી ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધીએ છીએ.

## 'નૂતનવર્ષાભિનંદન'

નૂતન વર્ષનું આગમન આપણા જીવનમાં નવી આશાઓ, નવા સપના અને નવી ઊર્જા લઈને આવે છે. જૂના વર્ષની યાદો, અનુભવો અને શીખ આપણને વધુ મજબૂત બનાવે છે, જ્યારે નવું વર્ષ ભવિષ્યની નવી દિશા અને સફળતાની નવી તક આપે છે.

આ પ્રસંગે આપણે પોતાના અંતરમાંથી દુઃખ, અહંકાર અને નકારાત્મકતા દૂર કરી આનંદ, પ્રેમ અને સદ્‌ભાવના સ્વીકારીએ, એ જ સાચો ઉત્સવ છે.

નૂતનવર્ષ માત્ર કેલેન્ડરના પાનાં બદલવા પૂરતું નથી, પરંતુ જીવનના પાનાંને પણ નવી પ્રેરણા અને નવા સંકલ્પોથી લખવાની તક છે.

આ અવસર પર ચાલો આપણે સૌ શુભેચ્છાઓ આપીએ કે...

**★ આપણા જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે**

**★ આપણી પ્રગતિ સાથે સમાજ અને દેશ પણ નવી ઊંચાઈઓ સર કરે.**

**★ દરેક હૃદયમાં પ્રકાશ, ભાઈચારું અને સુખ-શાંતિ વસે.**

**– ભરત કે. સતિકુંવર**

# સંબંધોમાં મંદી

સુરેશની ઉંમર ૩૫ વર્ષની થઈ ગઈ હતી છતાં તેના સગપણનો ક્યાંય મેળ પડતો નહોતો. સગાં-સંબંધીમાં ક્યાંય વાત કરવા જેવું હતું નહી. કારણ કે કોઈની સાથે સંબંધ નહોતો અને જેમની સાથે સંબંધ હતો તેમના પર ભરોસો નહોતો. છેવટે તેણે ઓનલાઈન મેરેજ બ્યુરોવાળાઓનો સહારો લીધો. થોડી મહેનત પછી તેને લાયક પાત્ર તો મળી ગયું.

પણ તેને મેળવવા બ્યુરોવાળાને બે લાખ રૂપિયા ચૂકવવા પડ્યા. જે છોકરીવાળાઓની માંગ હતી. સુરેશનું સગપણ થતું હોય તો તેના મા-બાપ રકમ ચૂકવવા તૈયાર થઈ ગયા. થોડા વખત પછી સુરેશના લગ્ન પણ થઈ ગયા. સુરેશનો પરિવાર આર્થિક રીતે સધ્ધર હતો. લગ્નના બે દિવસ પછી જે છોકરી સુરેશને પરણીને આવી હતી તે મોકો જોઈને દાગીના રૂપિયા લઈને ભાગી ગઈ.

ઘરવાળાઓને ખબર પડી એટલે તેમણે મેરેજ બ્યુરોવાળાનો સંપર્ક કર્યો પણ તે મેરેજ બ્યુરોવાળાઓની વેબસાઈટ જ બંધ હતી. પોલીમાં ફરિયાદ કરીને પણ કંઈ ફાયદો નહોતો. કારણ કે ઓનલાઈન દગો થયાની રોજ એમની પાસે કેટલીય ફરિયાદ આવતી હોય. આવા કેટલાય કિસ્સા આપણે સાંભળીએ છીએ.

આવી મુસીબત આવવાનું કારણ એ જ છે કે લોકોને હવે એકબીજા પર ભરોસો રહ્યો નથી. એટલે હવે સંબંધોમાં પણ મિઠાશ રહી નથી. લોકો એકબીજાને શંકાની નજરથી જુએ છે. બધા એકબીજાને પોતાના દુશ્મન જ માને છે.

લોકો સુખમાં તો જાણે સમજ્યા પણ પોતાના દુઃખમાં પણ કોઈની મદદ માગી નથી શકતા. માણસોના માનસ કેટલા સંકુચિત થઈ ગયા છે.

ઘરમાં એક વ્યક્તિને કંઈક તકલીફ હોય તો તે વ્યક્તિ પોતાના જ ઘરના વ્યક્તિઓને જણાવી નથી શકતો. લોકોની લાગણીઓ મરી નથી ગઈ પણ સુશુપ્ત અવસ્થામાં પહોંચી ગઈ છે. જેને ઢંઢોળીને જગાડવી પડે છે. આજની ટેકનોલોજી એ માણસની લાગણીઓ ને મંદ કરી દીધી છે. એક પરિવારના ચાર સભ્યો ઘરના એક જ રૂમમાં ભેગા હોય તો એકબીજા સાથે વાત કરવાને બદલે બધા સભ્યો મોબાઈલમાં જ વ્યસ્ત હોય છે.

પહેલા ઘરનો પુરુષ કામેથી રાત્રે ઘરે આવતો ત્યારે ઘરના બાકી સભ્યો તેની આતુરતાથી રાહ જોતા. તેના આવ્યા પહેલા ઘરના કોઈ જમવા પણ ન બેસતા. જો કે અમુક ઘરોમાં આજે પણ આ પ્રથા ચાલુ છે. પણ આવા કુટુંબ હવે અપવાદમાં આવે.

હવે તો ઘરના સભ્યો જ એકબીજાને ટાઈમ નથી આપતા તો સગાસંબંધીઓના વહેવાર ક્યાંથી વધારે. આજના મશીનોએ માણસોની લાગણીઓ ને છીનવી લીધી છે.

કહેવું તો ઘણું છે પણ સમાજની વચ્ચે કોઈ વાત કહેવાની હોય ત્યારે એક સ્ત્રી તરીકેની મર્યાદા જાળવવી પણ જરૂરી છે અને કોઈની લાગણી ન દુભાય તેનું પણ ધ્યાન રાખવું એટલું જ જરૂરી છે.

**કાઉન્સલર - શ્રુતિ આર. ધકાણ**
**(મો.: ૯૭૨૬૭ ૨૫૮૬૦)**

*"સર્વે વાચક મિત્રોને દિવાળી તથા નૂતનવર્ષની ખૂબ શુભેચ્છાઓ..."*

# દિવાળી અને નૂતન વર્ષનું મહત્વ

ભારત તહેવારોનો દેશ કહેવાય છે. અહીં દરેક તહેવારના પાછળ કોઈ ન કોઈ ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક સંદેશો છુપાયેલા હોય છે. એમાં દિવાળી તહેવાર સર્વ તહેવારોમાં સૌથી મહત્ત્વનો ગણાય છે.

દિવાળી એટલે પ્રકાશનો તહેવાર. આ તહેવાર પ્રકાશ, આનંદ અને સમૃદ્ધિનું પ્રતિક છે. કહેવામાં આવે છે કે આ દિવસે ભગવાન શ્રીરામે રાવણનો નાશ કરીને ચૌદ વર્ષના વનમાંસ પછી અયોધ્યામાં વિજય સાથે પરત ફર્યા હતા. અયોધ્યાના લોકોએ આનંદ વ્યક્ત કરવા ઘરોમાં દીવડાં પ્રગટાવી ઉજવણી કરી હતી. ત્યારથી આજદિન સુધી દિવાળી તહેવાર ખૂબ ધામધૂમથી ઉજવવામાં આવે છે.



દિવાળીના દિવસોમાં લોકો પોતાના ઘરોની સફાઈ કરે છે, નવી વસ્તુઓ ખરીદે છે, ઘરોને દીવડાં અને રંગોળીથી શોભાવે છે. સૌ લોકો એકબીજાને મીઠાઈ વહેંચે છે અને શુભેચ્છાઓ પાઠવે છે. વેપારીઓ માટે આ તહેવાર ખૂબ જ મહત્વનો છે, કારણ કે આ સમય નવા હિસાબ વર્ષની શરૂઆતનો હોય છે.

દિવાળીના તરત પછી નૂતન વર્ષ મનાવવામાં આવે છે. ગુજરાતી સમાજમાં નૂતન વર્ષ એટલે નવા આરંભનો દિવસ. આ દિવસે લોકો વહેલી સવારે ઊઠીને સ્નાન કરે છે, નવા કપડાં પહેરે છે, મંદિરમાં જઈ ભગવાનના આશીર્વાદ લે છે અને પોતાના સગા-સંબંધીઓને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે. આ દિવસ સૌને નવી આશા, નવી ઉર્જા અને સારા વિચારો સાથે જીવન જીવવા પ્રેરણા આપે છે.

દિવાળી અને નૂતન વર્ષ આપણને શીખવે છે કે જીવનમાં અંધકાર પછી પ્રકાશ આવવાનો જ છે. દુઃખ પછી સુખ જરૂર આવે છે. આ તહેવાર આપણને સારા કાર્ય કરવાનું, સ્વચ્છતા રાખવાનું અને સૌના જીવનમાં પ્રકાશ ફેલાવવાનું સંદેશ આપે છે.

**સારાંશમાં, દિવાળી અને નૂતનવર્ષ એ માત્ર તહેવારો નથી, પરંતુ નવી શરૂઆત, સુખ, સમૃદ્ધિ અને પ્રેમનો સંદેશ આપતા જીવનના ઉત્સવ છે.**

**સંકલન : ભરત કે. સતીકુંવર**

---

**<u>પરજીયા સોની સંદેશના વાચકો માટે</u>**

**'પરજીયા સોની સંદેશ'ના સદસ્યોને વિનંતી કે આપના મોબાઈલ નંબર તથા સરનામુ અપડેટ કરવાનું કાર્ય શરૂ કર્યું હોઈ સત્વરે આપ મોબાઈલ નં. (વોટસએપ) +91-93244 35547 ઉપર આપની વિગત મોકલી શકો છો.**

# પરજવંશનો ચળકતો બુરજ પરજાવથી નીકળી, બ્લુચીસ્તાન,સિંધ,પાટણ, કચ્છ થઈ બગસરાની ''શાંતલહરી'' માં વિલીન થયો...!

ગોલણઆપા વહેલી સવારે સૂર્યનારાયણને જલ ચડાવી પૂજાપાઠ કરી, કિનખાબનો લાંબો ડગલો, નીચે રેશમી ચોરણી ,ભેંટમાં સોનાની મુઠવાળીતલવાર રેશમી પછેડીથી મજબૂત બાંધી.માથા ઉપર પરજીયાની ઓળખ એવી પાઘડી બાંધી ફળિયામાં ઘોડી ઉપર પલાણ નાખી લગામ સરખી કરતા , સોનારણ સાજણબાઈને અવાજ કરી કહ્યું, ક્યાં ગયા સોનારણ ! માથે સાડલો સરખો કરતા-કરતા રાંધણીયામાંથી બહાર આવ્યા અને ઓસરીને ટોડલે ઉભા રહ્યા. ઘોડીને પલાણેલ ભાળી બોલ્યા, મહાજન ''આજે ગામતરૂ ટાળી શકો તો સારું , મને આજ એંધાણ સારા નથી લાગતા ! મને આજે અપશુકનનું અસુખ જણાય છે!''

ગોલણઆપાએ કહ્યું, ''સોનારણ આજે તમારે મોઢે શુકન-અપશુકનની વાતનું ઓહાણ નથી કળાતું!''

સાજણબાઈએ કહ્યું, ''આજે સવારે હિંગળાજમાતાને ધૂપ કરી દીવો પ્રગટાવી હિંગળાજમાતાને માથે ઉતારી ગોખલામાં મુકું એ પહેલા પવનની ઝાપટ આવી દીવો ઓલવી નાખે બીજીવાર પણ એમ જ થયું ત્રીજી વાર પણ એવી જ પવનની લહેરખીએ દીવો ગોખલામાં મુકું તે પહેલા ઓલવી નાખ્યો. સાજણબાઈએ આજીજીભર્યા અવાજે કહ્યું મને અમંગળના એંધાણ વર્તાય છે ! ''

ગોલણઆપાએ, સોનારણ સાજણબાઈની વાત હળવાશથી લેતા કહ્યું, ''સોની પોતે જ શુકનનો પડછાયો છે ! સોનીનું પગલું પડે અને શુકનના પગરણ સંભળાય ! સોનારણ એટલે જ લગ્ન ગીતમાં ગવાય છે.

''શુકનિયા જોય ઘોડે ચડજો વરરાજા
સોનીડો છે શુકનિયાનો બેટો વરરાજા..''

આમ ગોલણઆપા તલવારની મુઠ ઉપર હાથ નાખી ભેંટમાં તલવાર સરખી કરી પેગડામાં પગ ઘાલી લગામ ખેંચી તેજણ ઘોડી માલિકની રૂખ પારખી ગઈ ઘોડી વહેતી થઈ .ગોલણઆપાએ કહ્યું ગોધુલિકે આવી જઈશ. સાજણબાઈ નિમાણાં મોઢે ધૂળની ડમરી જોતી રહી..! સાજણબાઈએ આખો દીવસ અમંગળ વિચારમાં કાઢ્યો. ગોલણઆપા ગોધુલિક પહેલા આવી ગયા.ધણીને હેમખેમ આવેલો જોઈ સાજણબાઈના મખે સુખના લીસોટા પડયા. ખડકી ખોલી ફળીમાં આવ્યા ત્યાં ખાસદારનો અવાજ સંભળાયો ''દરબારશ્રી સામતવાળા અને વેજા ખસિયા વચ્ચે શાંતલડીને કાંઠે ધીંગાણું થયું છે!''

ધીંગાણું, સામતવાળા, અને વેજા ખસિયા આટલા વેણ સાંભળી ગોલણઆપા વખત પારખી ગયા ઘડીનો વિલંબ કર્યા વગર ઠેક મારી ગોલણઆપા ઘોડીએ ચડયા, તલવારની મુઠ ઉપર હાથ નાખી મ્યાનમાંથી તલવાર ખેંચી નાગી તલવારે રાડ નાખી ''તારી જાતના વેજા ખસિયા મારા ભાઈબંધ સામતવાળા ઉપર ઘા કર્યો ! આજે તો વેજા કાં હું નહીં ને કાં તું નહીં ''

વેજા ખસિયાની બીકે બગસરાની દુકાન ટપોટપ બંધ થવા લાગી ઘરના બારી બારણા બંધ થવા લાગ્યા બગસરાને જાણે સાપ સુંઘી ગયો !

વેજો ખસિયો તળાજા પરગણના શેરડીવદર ગામનો માથાભારે,ક્રૂર , નામચીન કોળી આગેવાન તેમની પાસે ચારસો લડાયક માણસોનું જૂથ હતું.વેજા ખસિયાથી કાઠિયાવાડના નાના મોટા રજવાડા કાંપતા હતા. સમગ્ર પંથકમાં તેની આતંક હતો. કાઠી રજવાડાનો અંદરોઅંદરનો કુસંપ અને હુંસાતુંસી વેજા ખસિયાની ખરી તાકાત હતી.

(ક્રમશઃ)

**સંકલન : ગુણવંત ધોરડા,જેતપુર,**
**સૌજન્યઃ સાગરકુમાર બારોટ (રાજકોટ)**
**ડૉ. ભુપેન્દ્રસિંહ અભાંણી (જેતપુર)**
**નારાયણભાઈ સોની છટપોંખ્યા (દિબ્રુગાઢ )**
**વિશેષ સૌજન્યઃ ગિરધરભાઈ સોલંકી (બગસરા)**

# વાલીઓ, બાળકો અને યુવાનો માટે સંદેશ

જો શાળામાં શિક્ષક બાળકોને શિસ્ત માટે ઠપકો આપે કે ક્યારેક હળવી સજા કરે, તો માતા-પિતાએ તેને મનમાં ન લેવું જોઈએ. સમજી લો - શાળામાં શિક્ષકનો ઠપકો પોલીસની લાઠી કરતાં ઘણો સારો છે.

આજે કેટલીક શાળાઓમાં કડક શિસ્તના નિયમો છે - વાળની સ્ટાઈલથી લઈને વર્તન સુધી - છતાંય બાળકોમાં ખાસ સુધારો દેખાતો નથી. શિક્ષકો નિરાધાર બનીને જોયા કરે છે, પણ કંઈ કરી શકતા નથી. જ્યારે માતા-પિતા પોતાના બાળકો પરનો કાબૂ ગુમાવે છે, ત્યારે એ જ બાળકો સમાજ માટે મુશ્કેલી બને છે. શિસ્ત ફક્ત શબ્દોથી નહીં આવે; તેમાં થોડી ભય ભાવના અને દંડ પણ જરૂરી છે. હવે તો બાળકોને ન શાળાનો ભય રહ્યો છે, ન ઘેર પાછા ફરતાં ડર લાગે છે એટલા માટે સમાજમાં અસ્થિરતા વધી રહી છે જે બાળકો શિક્ષકની વાત સાંભળતા નહોતા, આજે એ જ નાની-નાની વાતે હિંસક બની જાય છે ઘણા લોકોના જીવ જાય છે,અને બાદમાં એ જ બાળકો પોલીસના હાથ ચડે છે અને કોર્ટમાં સજા પામે છે.

જે સમાજ પોતાના ગુરુનો આદર નથી કરતો,એ સમાજ નષ્ટ થઈ જાય છે. આ કડવું છે, પણ સત્ય છે આજે ગુરુનો ભય નથી રહ્યો તો શિક્ષણ અને સંસ્કાર ક્યાંથી આવશે?

જો કોઈ શિક્ષક બાળકોને અભ્યાસ કે વર્તન સુધારવા માટે કડક બને તો શું એ એની ભૂલ ગણાય?

પાંચમા ધોરણથી જ કેટલાક બાળકો વિચિત્ર હેરસ્ટાઇલ, ફાટેલી જીન્સ, દિવાલ પર બેસવું, લોકોની મજાક ઉડાવવી જેવી આદતો અપનાવે છે. જો કોઈ કહે અરે સાહેબ આવી રહ્યા છે! તો જવાબ મળે - આવા દે ! કેટલાક માતા-પિતા કહે છે, અમારા બાળકએ ભણ્યું નથી તો ચાલે, પણ શિક્ષકએ એને ઠપકો ન આપવો જોઈએ. બાળકો પાસે ન સાચા પુસ્તકો છે, ન પેન-પેન્સિલ પૂરી. પેન હોય તો પુસ્તક નથી, પુસ્તક હોય તો પેન નથી. ભય વગર શિક્ષણ શક્ય નથી,અને શિસ્ત વગર શિક્ષણનો કોઈ ફાયદો નથી જે મરઘી ને ડર નથી એ ઈંડા નથી આપતી. આજના બાળકોની હાલત પણ એવી જ છે. હવે શિક્ષક કોઈ બાળકને ઠપકો આપી શકતા નથી, સજા આપી શકતા નથી, કે કડકાઈથી સમજાવી શકતા નથી કારણ કે હવે બધું 'ફ્રેન્ડલી' વાતાવરણમાં કહેવું પડે છે.

**શું સમાજમાં પણ આવું થાય છે?**

પહેલી ભૂલ માફ થઇ શકે,પણ દરેક ભૂલની કિંમત ચૂકવવી પડે છેમહવે શિક્ષકો પાસે અધિકાર બાકી રહ્યાં નથી મજો કોઈ શિક્ષક સીધો બાળકને સુધારવા પ્રયત્ન કરે,તો એ ગુનો ગણાય છે, પણ જ્યારે એ જ બાળક મોટું થઈને ગુનો કરે,તો એને ફાંસીની સજા મળે છે.

★ માતા-પિતાને વિનંતીઃબાળકોના વર્તનને સુધારવામાં શિક્ષકોની ભૂમિકા અત્યંત મહત્વની છે. થોડા શિક્ષકોની ભૂલ માટે બધાં શિક્ષકોનો અપમાન ન કરોમ૯૦% શિક્ષકો ફક્ત પોતાના વિદ્યાર્થીઓના ઉત્તમ ભવિષ્ય માટે પ્રયત્નશીલ હોય છે -આ સત્ય છેમઆથી હવે દરેક શિક્ષકને દોષી ગણાવવું બંધ કરો. અમારા સમયમાં શિક્ષકો અમને ઠપકો આપતા, ક્યારેક માર પણ પડતો,પણ અમારા માતા-પિતા ક્યારેય શાળામાં જઈને પ્રશ્ન કરતા ન હોતા. તેમને ખબર હતી - શિક્ષક જે કરે છે એ અમારાં હિત માટે છે. સૌથી પહેલી જવાબદારી માતા-પિતાની છે -બાળકોને ગુરુનું મહત્વ સમજાવો. તમારા બાળકોના ભવિષ્ય વિશે ગંભીરતાથી વિચારો !

**<u>બાળકોના બગાડવાના મુખ્ય કારણો :</u>**

★ ૬૦% દોષ : મિત્રો, મોબાઇલ, મીડિયા

★ ૪૦% દોષઃ માતા-પિતાની બેદરકારીઅતિ પ્રેમ, અંધશ્રદ્ધા અને બેદરકારી બાળકોને બગાડે છે. આજના ૭૦% બાળકોમાં આ બાબતો સામાન્ય બની ગઈ છે.

★ ઘરના કામમાં મદદ કરવાનું નાપસંદ

★ ફક્ત ઑનલાઇન ઓર્ડર કરવાનું, બજારમાં જવાનું મન ન થવું

★ પોતાની વસ્તુઓ યોગ્ય જગ્યાએ ન રાખવી
★ માતા-પિતાની વાત વચ્ચે બોલવું
★ રાત્રે મોડું સૂવું, સવારે મોડું ઊઠવું
★ ઠપકો મળતાં ગુસ્સે થઈને વસ્તુ ફેંકવી
★ પૈસા ફાજલ મોજશોખમાં વાપરવા
★ નાની ઉંમરે બાઇક ચલાવવી, અકસ્માત કરવો
★ દીકરીઓનો ઘરના કામથી ઉદાસીન વલણ
★ મહેમાન આવતાં એક ગ્લાસ પાણી આપવાનું પણ મન ન થવું
★ યોગ્ય કપડાં ન પહેરવા, દેખાવ પાછળ દોડવું.

ફેશન, ટ્રેન્ડ અને ટેકનોલોજીના નશામાં જીવવું. અમે બધા આ પરિસ્થિતિ માટે જવાબદાર છીએ. આ કારણોસર અમે અમારા બાળકોને જીવનના સત્ય અનુભવો શીખવી શકતા નથીમજેને દુ:ખનો અનુભવ નથી થયો, એ જીવનનું મૂલ્ય ક્યારેય સમજી શકતો નથી. આજના કિશોરો ૧૫ વર્ષની ઉંમરે જ પ્રેમ, નશો, જુગાર, ગુનો અને આળસમાં ફસાઈ જાય છે. તેમના જીવનમાં કોઈ લક્ષ્ય નથી રહ્યું

બાળકોનું ભવિષ્ય સુરક્ષિત રાખવું આપણી જવાબદારી છે. જો આપણે હમણાં ધ્યાન ન આપ્યું,તો આવતી પેઢી બગડી જશે. તમારા બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે, હમણાંથી જ પરિવર્તન લાવો આ સંદેશ વાંચનાર દરેક વ્યક્તિએ એને પોતાના મિત્રો અને પરિવાર સુધી પહોંચાડવો જોઈએ.

કદાચ બધા ન બદલાય,પણ જો એક વ્યક્તિ પણ બદલાય તો સમાજ બદલાવાની શરૂઆત થશે. શિક્ષક દયા બતાવી શકે છે, પણ પોલીસ નહીં. શિક્ષકનો ઠપકો મફત છે,પણ પોલીસનો માર બહુ મોંઘો પડે છે માતા-પિતા સાવધાન બની જાવ! આવતો સમય ખુબ જ મુશ્કેલ છે. તમારા બાળકો શું કરી શકે એની કલ્પના પણ નહીં કરી શકો.

**- સાભાર : સોશ્યલ મિડીયા**

**ભગવાનની કૃપા અને માતા-પિતાના આશીર્વાદથી સ્વ. મીનાબેન રસિકભાઈ ધકાણ**
**સ્વ. રસિકભાઈ જમનાદાસભાઈ ધકાણ (લાઠી) તેમના આશીર્વાદથી જ મેં શરૂઆત કરી**

## *Scented Stories By Kumakshi*

**પ્રકૃતિની મહેકથી ભરપૂર, ત્વચા માટે અનુકૂળ અને કેમિકલ-ફ્રી સુગંધવાળા પ્રોડક્ટ્સ**
**દરેક પ્રસંગ અને દરેક ભાવના માટે ખાસ તૈયાર!**

**અમારા ખાસ પ્રોડક્ટ્સ :**

*** અત્તર (Pure Attars)**
*** પરફ્યુમ (Skin-Friendly Perfumes)**
*** અરોમા ઑઇલ્સ (Aroma Oils)**
*** અગરબત્તી (Incense Sticks)**
*** ધૂપ (Natural Dhoop)**
*** ગિફ્ટ હેમ્પર્સ (Customised Gift Boxes)**

*** ભગવાન માટે વિશેષ અત્તર (Attar for God) :** રોઝ, મોગરો, ચંદન, કેસર જેવી દિવ્ય સુગંધો, પૂજા અને ધાર્મિક પ્રસંગ માટે શ્રેષ્ઠમ ભગવાનને અર્પણ કરો શુદ્ધ સુગંધ ભક્તિની મહેંક સાથે.

**વિશેષતા : * ૧૦૦% નેચરલ**
*** સ્કિન-ફ્રેન્ડલી અને આલ્કોહોલ-ફ્રી**
*** ભારતીય પરંપરા અને શુદ્ધતાનો સંગમ**
*** પ્રેમથી બનાવેલા હેન્ડક્રાફ્ટેડ પ્રોડક્ટ્સ**

(મ×૧૦)

**સ્થળ : કાંદિવલી (પશ્ચિમ) * કુમાક્ષી મિતુલ પરીખ -મો.: 98339 28656**

# શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી

દ્વારા આયોજીત

## શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ

## '૩૬મા તેજસ્વીતા સન્માન સમારોહ

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા '૩૬મા તેજસ્વીતા સન્માન સમારોહ'નું આયોજન રવિવાર, તા. ૨૧-૦૯-૨૦૨૫ ના રોજ સોની બેંક્વેટ હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. સમાજના વિદ્યાર્થીઓ/ વિદ્યાર્થીનીઓએ શિક્ષણ ક્ષેત્રે ઉત્કર્ષ દેખાવ સાથે ઉર્ત્તીણ થયા છે તેમને પ્રોત્સાહન આપવા હેતું સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમની શરૂઆત રાષ્ટ્રગીત પછી દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. ત્યારબાદ વિહા ધકાણ, દીયા ધકાણ અને માહી ધકાણે સરસ્વતી વંદના રજૂ કરી હતી. જસરાજ સોનીએ શ્રીમદ્ ભાગવત ગીતાજીના પંદરમાં અધ્યાય અને તન્વી જીણાદ્રાએ કૃષ્ણ નૃત્ય રજૂ કરી સંસ્કાર અને સંસ્કૃતિના દર્શન કરાવ્યા હતા. સોની યુથ ગ્રુપ તરફથી મોબાઈલના ફાયદા અને નુકસાન વિશે સમજ આપતું એક નાનકડું નાટક રજૂ કર્યું હતું જે હાજર રહેલા સહુને પસંદ પડ્યું હતું.

સંસ્થાના મા. પ્રમુખ સ્વ. શ્રી વિજયભાઈ હંસરાજભાઈ સતિકુંવરના નેતૃત્ત્વમાં સમાજની પ્રતિષ્ઠીત વ્યક્તિઓને એવોર્ડ આપવાની પરંપરાને આગળ વધારતા આ વર્ષે શિક્ષણ સહિત અનેક સેવા કાર્યોના બહુમુલ્ય યોગદાન આપનાર **શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ**ને જ્ઞાતિ રત્ન, સોનીવાડીની પહેલી કમિટિમાં પોતાનો સમય, બહુમૂલ્ય માર્ગદર્શન સાથે વિકાસની શરૂઆત કરવામાં યોગદાન આપનાર **સ્વ. શ્રી રામભાઈ દામોદરભાઈ સલ્લાને** મરણોપરાંત 'જ્ઞાતિ વિભૂષણ', સોનીવાડીના નિર્માણ પછીની પહેલી કમિટીમાં રહી સમાજના વિકાસમાં માર્ગદર્શન અને અમૂલ્ય સહયોગ આપનાર **સ્વ. શ્રી વલ્લભભાઈ કરસનદાસ ઝવેરી**ને મરણોપરાંત 'જ્ઞાતિ વિભૂષણ', સંસ્થાના માધ્યમથી સેવા કાર્ય માટે સમયની માંગ અનુસાર દાન આપનાર **સ્વ. શ્રી હંસરાજભાઈ પરષોત્તમભાઈ સતિકુંવર**ને મરણોપરાંત જ્ઞાતિ વિભૂષણ અને હર હંમેશ સેવા કાર્યમાં સહયોગ આપનાર **શ્રી ધર્મેશભાઈ હિંમતલાલ સોની**ને જ્ઞાતિ ગૌરવ બિરૂદથી પુરસ્કૃત કરવામાં આવ્યા હતાં.

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી આયોજીત શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ '૩૬મા તેજસ્વીતા સન્માન સમારોહ'માં હાયર એજ્યુકેશનમાં પ્રથમ ક્રમાંક મેળવનાર ૯ વિદ્યાર્થીઓને શ્રી બાબુભાઈ શામળદાસ ધાણક-સાવલીવાળા (હિરા માતુશ્રી ચેરીટેબલ ટ્રસ્ટ) તરફથી શ્રી પ્રકાશભાઈ બાબુભાઈ ધાણકના હસ્તે લેપટોપ ઈનામ સ્વરૂપે આપવામાં આવ્યાં હતાં.

શ્રી રાજેશભાઈ મનુભાઈ ધાણક તરફથી ૮૩ વિદ્યાર્થીઓને લેપટોપ બેગ શ્રી જીગરભાઈ રાજેશભાઈ ધાણક, શ્રી કેતનભાઈ રાજેશભાઈ ધાણકના હસ્તે ઈનામ સ્વરૂપે આપવામાં આવી હતી.

ધોરણ ૧ થી ધોરણ ૪ના વિદ્યાર્થીઓને શ્રી વલ્લભભાઈ મગનભાઈ ધોરડા તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા.

'૩૬મા તેજસ્વીતા સન્માન સમારોહ'માં આમંત્રણને માન આપી પધારેલ રાજકોટથી શ્રી ધીરૂભાઈ

ઘઘડા, અમદાવાદથી શ્રી ગિરીશભાઈ સતિકુંવર, શ્રી દિલીપભાઈ સતિકુંવર, શ્રી મુકેશભાઈ થડેશ્વર, સુરતથી શ્રી પંકજભાઈ સાગર, શ્રી રસિકભાઈ ધકાણ, શ્રી ભરતભાઈ સાગર, સુરત મહિલા મંડળના શ્રીમતી દીપાબેન શ્રોફ, શ્રીમતી ઉષાબેન સાગર, ભાવનગરથી શ્રી હરેશભાઈ ધાણકનું પ્રમુખ શ્રી ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી, ઉપપ્રમુખ શ્રી અમુભાઈ કાલીદાસ ઘઘડા સહિત કમિટી સભ્યોએ સ્વાગત કર્યું હતું.

વિદ્યાર્થીઓને શ્રી ભાવિકભાઈ ધકાણ, શ્રી પ્રકાશભાઈ ધાણક, શ્રી જીગરભાઈ ધાણક, શ્રી કેતનભાઈ ધાણક, શ્રી બાબુભાઈ સતિકુંવર, શ્રી વલ્લભભાઈ ધોરડા, શ્રી જયંતીભાઈ ધકાણ, કું. પૂજાબેન સતિકુંવર, શ્રી જયસુખભાઈ જીણાદ્રા (J.V), શ્રી દિનેશભાઈ સતિકુંવર (D.K.), શ્રીમતી નીલાબેન સોની (રાઠોડ), શ્રી રાજુભાઈ સતિકુંવર અને શ્રી જીતેન્દ્રભાઈ સતિકુંવરના શુભ હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા.

'સોની યુથ ગ્રુપ'ના દરેક મેમ્બર ૩ મહિનાથી સખ્ત અને સતત મહેનત કરી કાર્યક્રમની ભવ્ય સફળતામાં નોંધનીય યોગદાન આપ્યું હતું. શ્રી પરજીયા સોની સુવર્ણકાર યુવક મંડળ વતી પ્રમુખ શ્રી પ્રફુલ્લભાઈ સતિકુંવર, શ્રી જયસનભાઈ થડેશ્વર, શ્રી હિરેનભાઈ ચલ્લા, શ્રી દેવાંગભાઈ સાગર, શ્રી વિશાલભાઈ સતિકુંવર, શ્રી રિતેશભાઈ ઘઘડાએ સહયોગ આપ્યો હતો.

શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી વતી શ્રી વસંતભાઈ ચોકસી દ્વારા માનવંતા મહેમાનો, જ્ઞાતિજનો, વાલીઓ અને વિદ્યાર્થીઓના આભાર પ્રકટ સાથે કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

અહેવાલ : ભરત કે. સતિકુંવર


આપ સર્વેને દિપાવલી તથા નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા...



**ગોર શ્રી ભરતભાઈ ડી. ભટ્ટ**

(પરજીયા સોનીના એક માત્ર કુળગોર)

**દરેક પ્રકારનું ધાર્મિક કામ કરાવનાર તથા જ્ઞાતિના સંતાનો માટે યોગ્ય સ્થાન બતાવનાર અને જ્યોતીષનું માર્ગદર્શન**

૧૦, કૃષ્ણ ભુવન, જે. એમ. રોડ, ભાંડુપ (વે), મુંબઈ-૪૦૦ ૦૭૮.

**મો.: ૯૮૨૦૧ ૬૪૦૦૭ / ૯૮૯૨૨ ૬૮૬૬૭**

**E-mail : bharatbhatt2549@yahoo.com**

# 'ઉદ્યમો તેજસ્વીતા સન્માન સમારોહ' તસ્વીરી ઝલક...




















# '૩૬મો તેજસ્વીતા સન્માન સમારોહ' તસ્વીરી ઝલક...

















# 'ઉ૬મો તેજસ્વીતા સન્માન સમારોહ'



જ્ઞાતિ રત્ન

શ્રીમતી મધુબેન હરિભાઈ ધકાણ 'જ્ઞાતિ રત્ન' : સ્વીકારતા એમના સુપુત્ર શ્રી ભાવિકભાઈ હરિભાઈ ધકાણ



જ્ઞાતિ વિભૂષણ

સ્વ. શ્રી હંસરાજભાઈ પરષોત્તમભાઈ સતિકુંવર મરણોપરાંત 'જ્ઞાતિ વિભૂષણ'



જ્ઞાતિ વિભૂષણ

સ્વ. શ્રી રામભાઈ દામોદરભાઈ સલ્લા – મરણોપરાંત 'જ્ઞાતિ વિભૂષણ'



જ્ઞાતિ ગૌરવ

શ્રી ધર્મેશભાઈ હિંમતલાલ સોની 'જ્ઞાતિ ગૌરવ'

# ‘૩૬મો તેજસ્વીતા સન્માન સમારોહ’ તસ્વીરી ઝલક...





















# 'ઉદ્‌મો તેજસ્વીતા સન્માન સમારોહ' તસ્વીરી ઝલક...

















## દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર




દાતાશ્રી બાબુભાઈ શામલદાસ ધાણક (સાવલીવાળા) 'હિરા માતુશ્રી ચેરીટિબલ ટ્રસ્ટ' તરફથી શ્રીમતી શ્વેતાબેન તથા શ્રી પ્રકાશભાઈ બાબુભાઈ ધાણકના હસ્તે શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી આયોજીત 'રૂકમા તેજસ્વીતા સમારોહ'માં શિક્ષણ ક્ષેત્રે ભવ્ય સફળતા મેળવનાર કુલ ૯ વિદ્યાર્થીઓને લેપટોપ આપવામાં આવ્યા છે.

દાતાશ્રી બાબુભાઈ શામલદાસ ધાણક (હિરા માતુશ્રી ચેરીટિબલ ટ્રસ્ટ) તરફથી મળેલ અમૂલ્ય સહયોગ બદલ અંતઃકરણથી આભાર.

## દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર

દાતાશ્રી રાજેશભાઈ મનુભાઈ ધાણક તરફથી તેમના સુપુત્ર શ્રી જીગરભાઈ રાજેશભાઈ ધાણક, શ્રી કેતનભાઈ રાજેશભાઈ ધાણક (સાવલીવાળા)ના હસ્તે શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી આયોજીત 'રૂકમા તેજસ્વીતા સમારોહ'માં કુલ ૮૩ વિદ્યાર્થીઓને ઈનામે સ્વરૂપે કૉલેજ બેગ આપવામાં આવી છે.

દાતાશ્રી રાજેશભાઈ મનુભાઈ ધાણક, શ્રી જીગરભાઈ રાજેશભાઈ ધાણક, શ્રી કેતનભાઈ રાજેશભાઈ ધાણકનો અંતઃકરણથી આભાર.




## દાતાશ્રીનો હૃદયપૂર્વક આભાર




શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી આયોજીત 'રૂકમા તેજસ્વીતા સમારોહ'માં ધોરણ ૧ થી ૪ ના ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને દાતાશ્રી વલ્લભભાઈ મગનભાઈ ધોરડા તરફથી ઈનામ આપવામાં આવ્યા હતા. તે બદલ અંતઃકરણથી આભાર.

# SONI BANQUET HALL




**એસી હૉલ - ૩૫૦-૪૫૦ મહેમાનો માટે***

**શુધ્ધ શાકાહારી*** **ઓપન કેટરર્સ***

- અદ્યતન સુવિધાઓ સાથે આપની સેવામાં ઉપલબ્ધ
- બોરીવલી સ્ટેશનથી વોકીંગ ડીસ્ટન્સ
- ૬૦ વર્ષથી લગ્ન પ્રસંગો માટે વિશ્વાસપાત્ર
- ડેકોરેશનની અધ્યતન રેન્જ







* આધુનિક સુવિધા ધરાવતા ડિલક્સ AC રૂમો

(* શરતો લાગુ)

'સોનીવાડી' શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ, બોરીવલી (વે), મુંબઈ–૯૨.
ફોન : 2898 3905 / 2899 9097 મો.: +91-93244 35547
Email : sonisandesh1@gmail.com • digipin 4FK-29J-JFM9

# સ્મરણાંજલિ



## સ્વ. લાભુબેન વિસામણભાઈ ઝવેરી

(સ્વર્ગવાસ : તા. ૧૯-૧૦-૧૯૯૮)

જગતનાં સર્વ સુખોથી ભલે જીવન સભર લાગે,
ખજાનો સાવ ખાલી મા મને તારા વગર લાગે,
જીવનના સર્વ સંઘર્ષોમાં સાંગોપાંગ નીકળતો,
મને તારી દવાઓની જ એ નક્કી અસર લાગે,
છે મારા નામ પર આજે રૂપાળા કૈંક છોગાઓ,
ન 'બેટા' કોઈ કહેનારું મને વસમી કસર લાગે.

સ્વ. રમેશભાઈ વિસામણભાઈ ઝવેરી
મીતાબેન ચેતનભાઈ ઝવેરી

ચેતનભાઈ રમેશભાઈ ઝવેરી
પ્રિયાંક ચેતનભાઈ ઝવેરી

ઝવેરી પરિવાર તરફથી ભાવભરી શ્રદ્ધાંજલિ

# પટ્ટણી વર્લ્ડ

''પટ્ટણી વર્લ્ડ'' કોઈ એક વ્યક્તિ પર આધારિત ન હોય, પરંતુ આ નેટવર્ક પાછળ અનેક સંસ્થાઓના પ્રતિનિધિઓ તથા જ્ઞાતિજનોનો સહકાર, સાથ અને નિષ્ઠા રહેલી છે. અમારા દરેક પ્રાસંગિક મેસેજમાં અમે હંમેશા આ સહયોગીઓનો ઉલ્લેખ કરીએ છીએ. ''પટ્ટણી વર્લ્ડ'' નો ઉદ્દેશ માત્ર સામાજિક અને સંસ્થાકીય સમાચાર સુધી મર્યાદિત નથી, પણ યુવાનો માટે નોકરી અને વ્યવસાયિક તકો તથા માહિતી પ્રદાન કરવા પ્રયત્નશીલ રહેશે.

આ નેટવર્ક આજે તમામ સંસ્થાઓ તથા દેવસ્થાનો સાથે સંકળાઈ સાચા અર્થમાં સમાજ ઉપયોગી બની રહ્યું છે અને એ સેવા યથાવત્ રહી શકે તે માટે માતાજીના ચરણોમાં પ્રાર્થના સાથે અમે કાર્યરત રહીશું. જય માતાજી

– હિરેન વાયા
એડમિન, પટ્ટણી વર્લ્ડ


*Shadows & Shades by:*
*Namrata Soni*

*Professional Makeup & Hair Artist*

*9920970829*

**Services :**
Bridal | Wedding Siders | Party
Sangeet | Baby Shower
Celebrity Makeup
Water Proof Makeup
Ads-Photoshoot | Events

**PRODUCTS USED**
DIOR / Bobby Brown / Tarte / Toofaced / Huda Beauty / Myglamn / Nykaa/ Sehora

VIDHI DHAKAN
+91 8104177573
+91 9167951734

SONI VIDHI

SONI VIDHI MAKEOVERS

PROFESSIONAL MAKEUP AND HAIR ARTIST

- BRIDAL
- SIDERS
- PREWEDDING
- BABYSHOWER
- PARTY

DESTINATION SERVICE IS ALSO PROVIDED

SPECIAL OFFER FOR
**SONI COMMUNITY**

sonividhi_makeovers
8104177573

# કૃતજ્ઞતા

પહેલી ઓકટોબરે 'વિશ્વ વૃદ્ધ દિવસ' હતો. આ દિવસ માત્ર ઉજવણી પૂરતો સીમિત નથી હોતો, પણ આપણા સૌને વિચારવા મજબૂર કરે છે કે આપણે આપણા જીવનના પાયા સમાન વડીલો પ્રત્યે કેવો ભાવ રાખીએ છીએ.

આમ તો ખાસ કરીને પાશ્ચાત્ય સંસ્કૃતિ માટેનો દિવસ છે. આ દિવસનો હેતુ વૃદ્ધોની મહત્તા સમજાવી, તેમના અનુભવ અને આશીર્વાદને માન આપવું તેમજ સમાજમાં તેમના પ્રત્યે સન્માન અને કૃતજ્ઞતાનો સંદેશ ફેલાવવાનો છે.

આજના ઝડપી યુગમાં જ્યાં દરેક સંબંધને 'ઉપયોગીતા'ના ત્રાજવે તોળવામાં આવે છે, ત્યાં વૃદ્ધોને 'બોજ' ગણી કાઢવાની માનસિકતા દુર્ભાગ્યપૂર્ણ છે. હકીકતમાં, વડીલો બોજ નહીં, પણ જીવતા-જાગતા આશીર્વાદ છે.

વૃદ્ધો એટલે ચાલતું - ફરતું અનુભવનું વિશ્વવિદ્યાલય. તેમનું જીવન, જિંદગીના તડકા છાયા સાથેનું ડહાપણ છે, જે આજના યુવાનોને જિંદગીના નાના-મોટા નિર્ણયોમાં મદદરૂપ થઈ શકે છે. જ્યારે આધુનિક ટેક્નોલોજી અને નવા વિચારો આંખો આંજતા હોય, ત્યારે તેમનો અનુભવ સમજદારીની દ્રષ્ટિ પૂરી પાડે છે.

તેઓ પરિવારનું મજબૂત મૂળ છે. જેમ વડનું વૃક્ષ તેના મૂળિયાંથી જમીનને જકડી રાખે છે, તેમ વડીલો પરિવારની પરંપરા, સંસ્કાર અને એકતા ને જાળવી રાખે છે.

ઘરમાં તેમની હાજરી એક પ્રકારની સુરક્ષા અને સ્થિરતાની લાગણી આપે છે. બાળકના ઉછેર માટે તેમનો પ્રેમ અને વાત્સલ્ય અમૂલ્ય છે. દાદા-દાદીની વાર્તાઓ અને તેમનો નિષ્કપટ સ્નેહ બાળકોને જે સંસ્કારનું સિંચન આપે છે, એવું સિંચન શાળા કે અન્ય કોઈ માધ્યમ આપી શકતું નથી.

આપણે ઘણીવાર ભૂલી જઈએ છીએ કે આપણાં વડીલોએ આપણને મોટા કરવા માટે તેમનાં સપનાં, સમય અને શક્તિનું બલિદાન આપ્યું છે. આજે જ્યારે તેમને માત્ર આપણા સમય અને સહકારની જરૂર છે, ત્યારે તેમને અવગણવા કે એકલા છોડી દેવા એ આપણી સંસ્કૃતિ લજવતું કલંક છે.

તો આજના દિવસે, આપણે સંકલ્પ લઈએ કે તેમના ભૂતકાળની કમાણીને નહીં, પણ તેમના વર્તમાનની જરૂરિયાત ને સમજીએ. તેમને આર્થિક મદદ કરતાં વધારે ભાવનાત્મક ટેકો અને માન-સન્માન આપવું જરૂરી છે. ઘરની દરેક નાની-મોટી વાતમાં તેમનો અભિપ્રાય પૂછીને તેમને મહત્વ આપીએ, કારણ, તેઓ ઘરનો આધાર સતંભ છે.

યાદ રાખો, વૃદ્ધાવસ્થા એ દરેકના જીવનનું એક અનિવાર્ય સત્ય છે. આજે આપણે તેમને જે પ્રેમ અને આદર આપીશું, તે જ આવતીકાલે આપણી પેઢી પાસેથી આપણને પાછો મળશે.

વૃદ્ધો બોજ નહીં, પણ સંસ્કાર, પ્રેમ અને આશીર્વાદનો અખૂટ ભંડાર છે. ભારતીય સંસ્કૃતિમાં તો મા બાપને ભગવાનનું સ્થાન અપાયું છે. હિન્દુઓમાં તો વડીલો પૂજ્ય છે. માબાપને આદર આપવો એ તો આપણા સંસ્કાર છે.

**- રમેશ જાની, આવકાર**

(મો.: ૭૮૭૮૨૨૨૨૧૮)

---


**'પરજિયા સોની સંદેશ' માં પ્રસિદ્ધ થતાં લેખો, વાર્તા, કવિતાના લેખક/લેખિકાઓનો ખૂબ ખૂબ આભાર સમયમાં આપનો સહયોગ મળતો રહે એ આશા સાથે જય માતાજી.**

## યાદ આવતી રહે છે

યાદ આવતી રહે છે,
ઘડી ઘડી યાદ આવતી રહે છે
કોઈ યાદ સુખની, તો કોઈ યાદ દુઃખની
યાદ આવતી રહે છે...
બચપનની યાદ, યાદ હોય છે...
એ હમેશાં યાદ આવતી રહે છે,
એ યાદો વીસરી શકાતી નથી
એ મસ્તીભર્યા દિવસો
આંખો બંધ કરતા સામે આવી જાય છે.
અને રડાવી જાય છે...
કોઈ યાદ હસાવી જાય છે,
કોઈ યાદ રડાવી જાય છે,
સુખની યાદ ખુશ કરી જાય છે
દુઃખની યાદ, દુઃખી કરી જાય છે.
યાદ આવતી રહે છે.
યાદ તો યાદ હોય છે,
સ્વજન આપણું કોઈ છોડી જાય
એવી યાદ દુઃખી હોય છે.
એ યાદ ગમગીન બનાવી જાય છે.
યાદ તો આવતી રહે છે...

**- અમૃતલાલ પી. સોની 'અમીત'**
**(વેમ્બલી, લંડન)**
**Mob.: 0044 794 338 48 96**

**<u>વિશેષ સૂચના :</u> શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી દ્વારા પ્રકાશિત કરવામાં આવતું મુખપત્ર 'પરજીયા સોની સંદેશ'ને આવનારા સમયમાં ડિજીટલ સ્વરૂપે રજૂ કરવા માટેનો ઠરાવ વાર્ષિક સામાન્ય સભામાં મંજૂર થયેલ છે જેની નોંધ લેવી.**


Avani Soni
Makeup Artist & Hair Designer
9892515315



N. H. Beauty Saloon
Beautician : Rakhee Hitesh Satikuvar
✆ 99309 09411 / 79773 34312
Specialist in Bridal Make-up & Siders
Add.: 401/4th, Shanti Sadan, Dadabhai Road,
Vile Parle (West), Mumbai-400056.

# શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી

**તા. ૦૧–૦૮–૨૦૨૫ થી ૩૦–૦૯–૨૦૨૫ આવેલ ભેટની યાદી**

**શ્રીમતી મધુબેન હરીભાઈ ધકાણ (દુબઈ)**

**'એજ્યુકેશન ફંડ'**

૧૧,૦૦૦/– ખારચીયાવાળા (હાલ કાંદિવલી) સોની સ્વ. અનીલકુમાર ભગવાનદાસ ધાણકની ૮મી પુણ્યતિથી નિમિત્તે એજ્યુકેશન ફંડમાં અર્પણ. (હસ્તે : સોની મિનાક્ષીબેન અનિલભાઈ ધાણક)

૧,૧૦૦/– ખોખરીવાળા (હાલ કાંદિવલી) નિવાસી પ્રવિણભાઈ (સુખાભાઈ) વિઠ્ઠલદાસ ધકાણ શ્રીજી ચરણ પામતા એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૨,૧૦૦/– ખોખરીવાળા (હાલ કાંદિવલી) નિવાસી મુકેશભાઈ નવનીતભાઈ ધકાણના મોટા પપ્પા સ્વ. પ્રવિણભાઈ (સુખાભાઈ) વિઠ્ઠલદાસ ધકાણની ઉત્તરક્રિયા નિમિત્તે એજ્યુકેશન ફંડમાં અર્પણ.

૫૦૦/– અમદાવાદ નિવાસી સોની ભરતભાઈ નટવરલાલ જાલા સોનીવાડીની મુલાકાતે આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૫,૦૦૦/– ગઢડા (સ્વામિના) હાલ કાંદિવલી નિવાસી ગં. સ્વ. સોની કાંતાબેન રતીલાલભાઈ થડેશ્વરની ઉત્તરક્રિયા નિમિત્તે એજ્યુકેશન ફંડમાં અર્પણ. (હ.: શ્રી જયંતીભાઈ રતીલાલભાઈ થડેશ્વર, શ્રી અરવિંદભાઈ રતીલાલભાઈ થડેશ્વર)

૫,૦૦૦/– ભાવનગરવાળા સોની હરેશભાઈ મોહનલાલ ધાણક તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ '૩૬મા શિક્ષણ સમારંભ'માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૫,૦૦૦/– બગસરા (હામાપુર)વાળા હાલ વિલેપાર્લે નિવાસી સોની વલ્લભભાઈ મગનલાલ ધોરડા તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ '૩૬મા શિક્ષણ સમારંભ'માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૫૦૧/– અમરેલી (હાલ ભાયંદર) નિવાસી સોની પ્રવિણભાઈ પરષોત્તમભાઈ ધકાણ તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ '૩૬મા શિક્ષણ સમારંભ'માં અવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૫૦૧/– સતાપરા (હાલ દહિસર) નિવાસી સોની અશોકભાઈ નાથાલાલ ધાણક તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ '૩૬મા શિક્ષણ સમારંભ'માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૨૦૧/– દેવગામ (હાલ સુરત) નિવાસી સોની ભાવેશભાઈ બળવંતભાઈ જગડા તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ '૩૬મા શિક્ષણ સમારંભ'માં અવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૧,૫૦૦/– મોમાઈ ગ્રુપ – સુરત તરફથી તા.

૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ ‘૩૬મા શિક્ષણ સમારંભ’માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ. (હસ્તે : રસીકભાઈ, ભરતભાઈ, પંકજભાઈ)

૨,૧૦૦/- મહુવાવાળા (હાલ દહિસર) નિવાસી સોની ભીખુભાઈ પોપટભાઈ સાગર તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ ‘૩૬મા શિક્ષણ સમારંભ’માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૫,૦૦૦/- શ્રી સમસ્ત પરજીયા પટ્ટણી સોની જ્ઞાતિ મહામંડળ-રાજકોટ તરફથી તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ ‘૩૬મા શિક્ષણ સમારંભ’માં અવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ.

૫,૧૦૦/- સાવરવાળા (હાલ બોરીવલી) નિવાસી સોની દિપકભાઈ કાંતિભાઈ સાગર તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ ‘૩૬મા શિક્ષણ સમારંભ’માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશીભેટ.

૫૦૦/- શ્રી શિવ શક્તિ પરજીયા સોની મહિલા મંડળ-સુરત તા. ૨૧-૯-૨૦૨૫ના રોજ યોજેલ ‘૩૬મા શિક્ષણ સમારંભ’માં આવતા એજ્યુકેશન ફંડમાં ખુશી ભેટ. (હઃ દિપાબેન શ્રોફ, ઉષાબેન સાગર)

૨,૧૦૦/- લાઠીવાળા (હાલ બોરીવલી) નિવાસી સ્વ. દીનાબેન કિશોરભાઈ હીરાની તરફથી ‘૩૬મા શિક્ષણ સમારંભ’માં નિમિત્તે એજ્યુકેશન ફંડમાં ભેટ. (હસ્તે : શ્રી પ્રશાંતભાઈ કિશોરભાઈ હીરાની, શ્રી જનીતભાઈ કિશોરભાઈ હીરાની)

**‘મેડિકલ સહાય ફંડ’**

૫,૦૦૦/- ડેડાણવાળા (હાલ બોરીવલી) નિવાસી સોની ગોપાલભાઈ ભગવાનભાઈ ધકાણ તરફથી ‘મેડિકલ સહાય ફંડ’માં ખુશી ભેટ. (હ.: રવિભાઈ ગોપાલભાઈ ધકાણ)

## શ્રી સમસ્ત પરજીયા સોની મહાજન સેવા ટ્રસ્ટ

**તા. ૦૧-૦૮-૨૦૨૫ થી ૩૧-૦૮-૨૦૨૫ આવેલ ભેટની યાદી**

૧,૧૦૦/- સાતપડા (હાલ કાંદિવલી) નિવાસી સ્વ. સોની નરોત્તમભાઈ અમૃતલાલ થડેશ્વરની પુણ્યતિથી નિમિત્તે મહાજન સેવા ટ્રસ્ટમાં દવા સહાયમાં અર્પણ. (હસ્તે : સોની સુમિતભાઈ નરોત્તમભાઈ થડેશ્વર)

**જે પણ જ્ઞાતિજનો અને દાતાશ્રીઓને ‘શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી’ સંસ્થાને ખુશીભેટ, દાન કે ફાળો આપવો હોય તેઓ સંસ્થાના QR Code સ્કેન કરી રકમ સંસ્થાને મોકલી શકે છે.**

# ★ સોની સંદેશ જાહેરાત નવા દર ★

| * એક અંકના જાહેરાત દર * | |
|---|---|
| કલર પેજ | ₹ 3,200/– |
| હાફ કલર પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 1,800/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 1,000/– |
| ક્વાર્ટર પેજ | ₹ 600/– |

| * આખા વર્ષના અંકના જાહેરાત દર * | |
|---|---|
| કલર પેજ | ₹ 38,400/– |
| હાફ કલર પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ ફૂલ પેજ | ₹ 21,600/– |
| બ્લેક એન્ડ વ્હાઈટ હાફ પેજ | ₹ 12,000/– |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૨૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૦૦/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૨૫/- અંક દીઠ |

| * ટચુકડી જાહેરાત * | |
|---|---|
| ૨ વર્ષ | ₹ ૩૫૦/- અંક દીઠ |
| ૧ વર્ષ | ₹ ૩૨૫/- અંક દીઠ |
| ૬ માસ | ₹ ૩૭૫/- અંક દીઠ |

**અર્ધા પેજ કે ક્વાર્ટર પેજની જાહેરાત ફેરફારો ને આધીન રહેશે.***
**જાહેરાતના દરમાં ૧૮% GST અલગથી લાગશે.**

*condition apply.


| FOR DONATION FROM FOREIGN | | | |
|---|---|---|---|
| | **For USD** | **For USD** | **For GBP** |
| INTERMEDIARY | Bank of Baroda, | Bank of Baroda, | Bank of Baroda, |
| BANK | New York Branch | Brussels Branch | London Branch |
| SWIFT Code | BARBUS33 | BARBBEBB | BARBGB2L |

| | |
|---|---|
| Account with<br>Institution<br>SWIFT Code | Bank of Baroda, Business Financial Services<br>Branch, Kandivali, Mumbai<br>BARBINBBIBK |

| **Name with Address** | |
|---|---|
| Account Name<br>Account Number | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: 20260100023592 |

| **Bank Name** | **FOR DONATION IN INDIA** |
|---|---|
| **SBI Bank** | : Shree Mumbai Upnagar Prajiya Sahakari Society<br>: A/c No. : 67350110697 Borivali (W) Br.<br>IFSC : SBIN0070693 |
| **UBI Bank** | : A/c No. : 316101010701018 Borivali (W) Br.<br>IFSC : UBIN0531618 |
| **Kotak Bank** | : A/c No. : 7612109244 Borivali (W) Br.<br>IFSC : KKBK0001357 |

# શ્રધ્ધા સુમન



## સ્વ. સોની નટવરલાલ નંદલાલ સતિકુંવર

**શ્રીજીચરણ : તા. ૧૭–૦૮–૨૦૨૫, રવિવાર**

**ધર્મપત્ની :** ગં. સ્વ. સરોજબેન નટવરલાલ સતિકુંવર

**પુત્ર–પુત્રવધુ :**

હરેશભાઈ નટવરલાલ સતિકુંવર – અરૂણાબેન હરેશભાઈ સતિકુંવર

હિરેનભાઈ નટવરલાલ સતિકુંવર – નેહલબેન હિરેનભાઈ સતિકુંવર

**દિકરી–જમાઈ :**

બીનાબેન પારસભાઈ સુરૂ – કિરણબેન અનિલભાઈ ધકાણ

**પૌત્ર–પૌત્રવધુઃ** યશ હરેશભાઈ સતિકુંવર – ઉર્વી યશ સતિકુંવર

મનન હરેશભાઈ સતિકુંવર – મૈત્રી મનન સતિકુંવર

**પૌત્ર :** શ્યામ સતિકુંવર * **પૌત્રી :** દ્રષ્ટી સતિકુંવર

**દોહિત્ર–દોહિત્રવધુ :**


રાજ પારસભાઈ સુરૂ – રીમા રાજ સુરૂ

શુભ અનિલભાઈ ધકાણ – પ્રિયલ અનિલભાઈ ધકાણ

સંસ્થામાં રહી સમાજના વિકાસ કાર્યોમાં સ્વ. શ્રી નટવરલાલ સતીકુંવરનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. તેમણે હંમેશા સમાજના હિત માટે સહકાર આપ્યો અને પોતાની સમર્પિત ભાવનાથી સૌને પ્રેરણા આપી. તેમની સેવા અને માર્ગદર્શન માટે સંસ્થા તેમની કૃતજ્ઞ છે.

શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી તરફથી ભાવભરી શ્રધ્ધાંજલિ

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. સોની જસવંતલાલ ધનજીભાઈ સાગર

(ગામ – જેસરવાળા) (ઉંમર ૮૭ વર્ષ)

(શ્રીજીચરણ : તા. ૦૨–૧૦–૨૦૨૫)

ધર્મપત્ની : સ્વ. તારાબેન જસવંતલાલ સાગર

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને ચિરશાંતિ મળે એવી અભ્યર્થના કરી
આપને શ્રધ્ધા સુમન અર્પણ કરીએ છીએ...

દિકરી–જમાઈ :
ભારતીબેન વિનોદકુમાર ચોકસી
છાયાબેન નિમીષકુમાર શાહ

પુત્ર–પુત્રવધુ :
નરેશભાઈ – આશાબેન
વિજયભાઈ – ચંદ્રીકાબેન

દોહિત્ર–દોહિત્રી :
હિતેશ, જીગ્નેશ, મનશ્રી, હર્ષ

પૌત્ર–પૌત્રી :
રિદ્ધિ, ઉન્નતિ, કરણ, કિંજલ

સાગર પરિવાર તરફથી ભાવભરી શ્રદ્ધાંજલિ

# ભાવભરી શ્રદ્ધાંજલિ



## સ્વ. સોની વિલાસબેન નરોત્તમભાઈ થડેશ્વર
### સાતપડા (હાલ કાંદિવલી)

સૌમ્ય સ્વભાવ, સહાનુભૂતિથી ભરેલું હૃદય અને
સૌ સાથે હંમેશા હસતાં મળવાની આપની રીત સ્મરણોમાં જીવંત રહેશે.

પુત્ર-પુત્રવધુ :
સુમિતભાઈ નરોત્તમભાઈ થડેશ્વર – જીજ્ઞા સુમિત થડેશ્વર

દીકરીઓ :
કામિની સુધીર ઝવેરી * રિમ્પલ દિગેનકુમાર * શીતલબેન પ્રણવકુમાર

પિતાશ્રી : સ્વ. જગજીવનભાઈ મેરામભાઈ પટ્ટ – ભાડ-ઈંગોરલા

પૌત્ર-પૌત્રીઓ : નિશેલ, વરુણ
દોહિત્ર : પૃથ્વી, દ્રોણ, અર્જુન, આર્ય

## સાતપડા-થડેશ્વર પરિવારના જય શ્રીકૃષ્ણ

## Sumeet Jewels

Jambli Gally, Borivali (W), Mumbai - 400092 • Mob.: 9820800045 / 9819430735

PARAJIA SONI SANDESH (Monthly) • SEPTEMBER-OCTOBER 2025 • R.N.I. No.: MAHGUJ/2008/26726
Patrika Channel Sorting Office: Mumbai - 400 001 on 20th of every month • Date of Publication & Posting 20th of every month

।। જય શ્રી મોંમાઈ મા ।।

## 'પરજિયા સોની સંદેશ' નિભાવ ફંડના સહયોગી દાતા







## સ્વ. બાબુભાઈ ઘુસાભાઈ ધકાણ
## સ્વ. ધનકુંવરબેન બાબુભાઈ ધકાણ

(જામકાવાળા)ના પુણ્ય સ્મરણાર્થે



★ હસ્તે ★

**શ્રી મહેન્દ્રભાઈ બાબુભાઈ ધકાણ**

જામકાવાળા (હાલ દુબઈ)

From :

**શ્રી મુંબઈ ઉપનગર પરજિયા સહકારી સોસાયટી**

સંચાલિત

**પરજિયા સોની સંદેશ**

શિંપોલી ક્રોસ લેન, એસ.વી. રોડ,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૯૨.
ફોન : ૨૮૯૮ ૩૯૦૫/૨૮૯૯ ૯૦૯૭

To,